1. અંગ્રેજો મીર કાસીમના કયા પગલાથી રોષે ભરાયા?

- શાસક તરીકે મીરકાસીમ મક્કમ મનનો હતો. તેણે શાસનતંત્રમાં અનેક સુધારાઓ કર્યા, તેણે ખર્ચ ઘટાડી અંગ્રેજોનું દેવું ચૂકવી આપ્યું. તો તેણે ભારતના વેપારીઓ પાસેથી કર લેવાનું બંધ કર્યું અને અંગ્રેજોના પ્રભાવથી દૂર રહેવા રાજધાની મુર્શિદાબાદથી મોંઘીર બદલી. મીર કાસીમના ભારતના વેપારીઓ પાસેથી કર નહિ લેવાના પગલાથી અંગ્રેજો રોષે ભરાયા.

2. પ્લાસીનું યુદ્ધ કોની કોની વચ્ચે થયું ? તેનું પરિણામ શું આવ્યું?

- ઈ.સ. 1757માં સિરાજઉદ્દૌલા અને અંગ્રેજો વચ્ચે પ્લાસીનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં સિરાજઉદ્દૌલાનો પરાજય થયો અને ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો નંખાયો.

3. દ્વિમુખી શાસનપદ્ધતિની બંગાળ પર શું અસર પડી ?

- ઈ.સ. 1764ના બક્સરના યુદ્ધ પછી થયેલી સંધિ મુજબ અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાની સત્તા મળી, આમાં વહીવટ અને પ્રજા કલ્યાણની જવાબદારી નવાબની હતી, જયારે મહેસૂલ ઉઘરાવવાની સત્તા કંપની પાસે હતી. કંપની પાસે સત્તા હતી, પરંતુ જવાબદારી કોઈ ન હતી. જ્યારે નવીબ પાસે જવાબદારી હતી, પરંતુ સત્તા કોઈ ન હતી.
- પરિણામે પ્રજાની ફરિયાદ સાંભળનાર કોઈ ન રહ્યું આથી ત્રણેય પ્રાંતોમાં અરાજકતા અને અવ્યવસ્થા ફેલાઈ, કંપનીના અધિકારીઓએ જમીનમહેસૂલ એ કઠું કરવા બેફામ લૂંટ ચલાવી, આથી ખેતી, વેપાર અને ઉદ્યોગને ભારે નુકશાન થયું. આમ દ્વિમુખી શાસનપદ્ધતિથી એક વખતનું સમૃદ્ધ બંગાળ પાયમાલ થયું.

4. યુરોપિયનોને નવો જળમાર્ગ શોધવાની જરૂરિયાત શા માટે પડી ?

- ભારત અને યુરોપ વચ્ચેનો વેપાર જમીન અને જળમાર્ગે થયો. આ માર્ગોના કેન્દ્ર સ્થાને તુર્કસ્થાનમાં ઈસ્તંબુલ (કોન્સેન્ટિનોપલ) આવેલું હતું. 29 મે, 1453ના રોજ તુર્ક પ્રજાએ ખ્રિસ્તીઓને કબજામાં રહેલા ઈસ્તંબૂલ પર વિજય મેળવ્યો અને યુરોપવાસીઓ માટે ઈસ્તંબૂલનું બંદર બંધ કરી દીધું.
- યુરોપવાસીઓનો ભારત સાથેનો વેપારી માર્ગ બંધ થઈ ગયો. ભારતના મરીમસાલા યુરોપવાસીઓના ભોજન માટે અનિવાર્ય હતા. આ જરૂરિયાતો સંતોષવા યુરોપિયનોને નવો જળમાર્ગ શોધવાની જરૂર પડી.

5. ભારતમાં કઈ રીતે બ્રિટિશ સત્તા સર્વોપરી બની?

- રોબર્ટ ક્લાઈવે કુનેહપૂર્વક ભારતમાં બ્રિટિશ સત્તાનો પાયો નાખ્યો. હેસ્ટિંગઝે બ્રિટિશ સત્તાનો પાયો મજબૂત બનાવી શાસનવ્યવસ્થાને સુદઢ બનાવવા વિવિધ પગલાં લીધાં. કોર્ન વોલિસે દૂરોગામી અસર ઉપજાવનાર નોંધપાત્ર સુધારાઓ કર્યા. વેલેસ્લીએ સહાયકારી યોજના અમલમાં મૂકી કંપનીના વિસ્તારમાં સાત ગણો વધારો કર્યો. હેસ્ટિંગઝે બ્રિટિશ સર્વોપરી બનાવવાનું વેલેસ્લીનું કાર્ય પૂર્ણ કર્યું.